# સેક્ટર-૨૪માં સજ્જડ બંધ : શહેરમાં મિશ્ર પ્રતિસાદ

## સેકટરોમાં હેતુફેરના કિસ્સામાં આવતા કોર્મશિયલ કોમ્પેલક્ષો અને દુકાનોએ બંધ પાળ્યો : સે-૨૪ અને સે-૨૨ ઉપરાંત ઘ-૬ થી ચ-૬ વિસ્તારમાં પણ બંધની વિશેષ અસર વર્તાઇ : સે-૭માં કેટલાક દવાખાનાઓ અડધા શટરે ખુલ્લા જોવા મળ્યા





ગાંધીનગર તા ૨૪

ગાંધીનગરમાં આજે અસરગ્રસ્ત વેપારીઓ દ્વારા અપાયેલા બંધના એલાનની મિશ્ર અસર જોવા મળી હતી. સે-૨૪ સહીત સેકટરોમાં દુકાનો સજ્જડ બંધ રહી હતી તો અમુક સેકટરોમાં દુકાનો ધમધમતી રહી હતી. હેતુફેરના મામલે અમને બચાવોના અભિગમ સાથે તંત્રની ઝુંબેશ સામે લડત આપતા વેપારીઓએ સોમવારે અને મંગળવારે જારી કરેલા ગાંધીનગર બંધના એલાનના પ્રથમ દિવસે મિશ્ર અસર જોવા મળી હતી. સે-૭ માં કેટલાક દવાખાનાઓ પણ અડધા શટરે ખુલ્લા જોવા મળ્યા હતા.

ગાંધીનગરમાં હાથ ધરાયેલી દબાણ હટાવ ઝુંબેશ અને રહેણાંકમાં કોર્મશિયલ પ્રવૃતિને ડામવા માટે દુકાનો બંધ કરી દેવા વેપારીઓને નોટીસ આપવામાં આવી રહી છે. જયારે દુકાનો સીલ કરવા સુધીના પગલા લેવાનુ પણ તંત્ર દ્વારા શરૂ કરી દેવાતા વેપારીઓમાં રોષ પ્રવર્તયો છે. તંત્ર દ્વારા શહેરના સે-૧ માં ૧૫ જેટલી દુકાનો પણ સીલ કરી દેવામાં આવી છે. જયારે અન્ય કીસ્સામાં વેપારીઓને દુકાનો ખાલી કરવા માટે મુદત્ત આપવામાં આવી છે. તંત્રની આ હરકત સામે વેપારીઓએ અગાઉ મૌન રેલી કાઢી અને સત્તાધીશો સમક્ષ આવેદન પત્ર આપી રજુઆત પણ કરી હતી. જયારે હેતુફેરના મામલે એકજુથ થયેલા વેપારીઓએ દબાણો દુર થાય તે માટે આયોજન બધ્ધ કામગીરી થાય તેવો સુર પણ ઉઠાવ્યો હતો. બીજીતરફ દાયકાઓથી ધંધો કરીનો પરિવારજનો માટે પેટીયુ રળતા વેપારીઓ દ્વારા ઈમ્પેકટ ફી માટે પણ કરવામાં આવેલી અરજી પડતર હોવાનો આક્રોશ પણ વ્યકત કરવામા આવ્યો છે. હેતુફેરના મામલે સફાળા જાગેલા તંત્રએ દુકાનદારોને નોટીસ આપવાનુ જારી રાખ્યુ છે. જયારે નિયત સમયમાં આ પ્રવૃતિ બંધ કરી દેવા માટે પણ સુચના આપી છે. ત્યારે ઘણાં ખરા વેપારીઓએ શટરો ઉતારી દુકાનો ખાલી પણ કરી દીધી છે. વેપારી એસોસિએશન દ્વારા રહેણાંકમાં હેતુફેરના મામલે બે દિવસ ગાંધીનગર બંધનુ એલાન જારી કર્યુ છે. બંધના એલાનના પ્રથમ દિવસે મિશ્ર પ્રતિસાદ જોવા મળ્યો હતો. સેકટરોમાં કેટલાક ઠેકાણે

● અનુસંધાન પાન-૭ પર

### બંધના એલાન દરમિયાન વેપારીઓમાં વિભાજન દેખાયુ

ગાંધીનગરમાં અસરગ્રસ્ત વેપારીઓએ આપેલા બે દિવસના બંધના એલાનના પ્રથમ દિવસે શહેરમાં મિશ્ર અસર જોવા મળી હતી.સેકટરોમાં હેતુફેરના કિસ્સામાં જે વેપારીઓને તંત્રએ અલ્ટીમેટમ આપ્યુ છે. તેવા વેપારીઓએ જડબેસલાક બંધ પાળ્યુ હતુ. શહેરના રહેણાંક વિસ્તારમાં ધમધમતી દુકાનો સંપુર્ણ બંધ જોવા મળી હતી. જયારે અન્ય હેતુફેરમાં ન આવતા હોય તેવા વેપારીઓએ બિન્દાસ્ત વેપાર ધંધો ચાલુ રાખ્યો હતો. આ વેપારીઓ બંધમાં જોડાયા ન હતા. જો કે સોમવાર હોવાના લીધે ઘણાંખરા શોપિંગ કોમ્પલેક્ષોમાં આમ પણ રજા હોવાનુ પણ ધ્યાને આવ્યુ હતુ. શહેરમાં રહેણાંક વિસ્તારમાં કોર્મશિયલ પ્રવૃતિ નહીં તે મામલે હરકતમાં આવેલા તંત્રની ઝુંબેશના અંતે વેપારીઆલમમાં પણ બે ભાગલા પડી ગયા હોય તેવી સ્થિતિ જોવા મળી હતી.

### હેતુફેરનો ઉકેલ લાવો અમને બચાવો

હેતુફેરનો ઉકેલ લાવો અમને બચાવો... આજે વેપારીઓના બંધના એલાનના પગલે સેકટરોમાં દુકાનો બંધ રહી હતી જયારે સે-૨૪ માં બંધની સજ્જડ અસર જોવા મળી હતી. રહેણાંકમાં કોર્મશિયલ નહીંના સુત્ર સાથે તંત્રએ કડક કામગીરી હાથ ધરતા હેતુફેરના કિસ્સામાં વેપારીઓ લડત આરંભી છે. આજે બંધના એલાન દરમિયાન કેટલીક દુકાનો બહાર હેતુફેરનો ઉકેલ લાવો અમને બચાવો ના પેમ્ફલેટ ચિપકાવેલા જોવા મળ્યા હતા.

## પંચાયતમાં કોંગ્રેસ દ્વારા ડેમેજ કંટ્રોલ તેજ બનાવાયુ

### પંચાયતમાં સુમેળ સધાયા બાદ જ જિલ્લા સંગઠનમાં ફેરફારોની વાત હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લા પંચાયતના એક મહિલા સભ્યએ આપેલા રાજીનામાને પગલે કોંગ્રેસ પક્ષ દ્વારા ડેમેજ કંટ્રોલની કાર્યવાહીને તેજ બનાવવામાં આવી છે. ચિલોડા (ન) બેઠક પરથી ચૂંટાઈને આવેલ મહિલા સદસ્યા રાજીબેન રાઠોડને મનાવી લેવા માટે છેલ્લા બે દિવસથી સઘન પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાના સ્થાનિક આગેવાનો આ ડેમેજ કંટ્રોલની કામગીરી માટે સક્રિય બન્યા છે અને એકાદ-બે

● અનુસંધાન પાન-૭ પર

## સે-૨૪ના શ્રીનગર વિસ્તારમાં દબાણોને માર્કીંગ કરાયુ

ગાંધીનગર તા ૨૪

સે-૨૪ માં ભાજપના સ્થાનિકોમાં આક્રોશ પ્રવર્તયો હતો. સે-૨૪ માં દબાણ દુર કરવા તંત્રએ માર્જીનમાં કરાયેલા દબાણો પણ દુર કરવા માટે તંત્રએ બુલડોઝર



નેતાઓના સગાઓના દબાણ તોડવાના મામલે તંત્રની ટીમ માત્ર ઓટલા દુર કરી બેકફુટ થઈ જતા હાથ ધરેલી ઝુંબેશ દરમિયાન હાઉસીંગમાં વેપારીઓની દુકાનો તોડી પાડવામાં આવી હતી. જયારે ફરેવી દીધુ હતુ. દબાણ હટાવ ઝુંબેશ આકરી બનતા સ્થાનિકોમાં રોષ પ્રવર્તયો છે. જયારે આજે સેકટરના શ્રીનગર વિસ્તારમાં સ્થિત મકાનોમાં દબાણના મામલે તંત્ર દ્વારા માર્કીંગ કરવામાં આવ્યુ હતુ. સ્થાનિકોમાં પ્રવર્તયો છે. શહેરમાં છેલ્લા ઘણાં સમયથી દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.

### તંત્ર દ્વારા ગુરૂવાર સુધીની મુદત્ત

આ દરમિયાન તંત્ર દ્વારા સ્થાનિકોને ગુરુવાર સુધીની મુદત આપવામાં આવી છે. જયારે ભાજપના નેતાઓના સગાસંબંધીઓના તોતિંગ દબાણો દુર કરવાના મામલે માત્ર ઓટલા તોડીને તંત્રની ટીમે પીછેહઠ કરી લીધી હોવાનો રોષ ત્યારે પ્રથમ તબક્કામાં લારી ગલ્લા દુર કરીને પાકા દબાણો તોડવા માટે સજ્જ થયેલા તંત્ર માટે હાલ અનેક ચેલેન્જીસ છે. ત્યારે સામાન્ય નાગરિકોમાં પણ દબાણના મામલે તંત્ર બેધારી નીતી ન અપનાવે અને

● અનુસંધાન પાન-૭ પર






Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com